# " આત્માના ઉંડાણે "

વિચારે વિચરતો માનવ, વિચારમાં જ ખોવાય,
મારા જ મનમાં મને જ શોધતો, " હું ખોવાયો છું ",
સૃષ્ટિ દીસે ચોગમ એવી જ, એક અંતરે લહેરાય,
હું શોધતો મને જ, ને ખોવાયો આંતર સૃષ્ટિએ,
અગમ નિગમના ખેલ નિરાળા, કૌતુકે ભર્યા ભર્યા,
ને જોયો મેં મને જ ત્યાં, સપ્તરંગી આવરણમાં.
છે મારા સાત ચક્ર ને સાત શરીરો, પ્રભુ એ દીધા છે,
મેઘધનુષના સાત રંગે, આ સૌ રંગાયા છે,
ઈથરિક ઈમોશનલ મેન્ટલ એસ્ટ્રલ, એ આભામંડળ થાય,
પછીના ડબલ ઈથરિક સેલેસ્ટિયલ અને સિડબોડી કહેવાય.
બધાથી પર વર્તે એવી, એક પ્યોર એસેન્સ છે,
ધ્યાને વધુ ઊંડાણે, મતલબ બહારી આવરણ થાય,
પ્યોર એસેન્સમાં ભળી જવું, એ જીવનનું ધ્યેય અંતિમ છે.
સાત રંગના સાત ચક્રો, ઈથરિકમાં બેઠા છે,
મૂલાધારના લાલથી, જાંબુડી સહસ્ત્રારા સુધીનાં છે,
પહેલા પાંચ ચક્રો એ મારા પંચમહાભૂત છે,
પંચ નામે પૃથ્વી જળ આકાશ વાયુ અગ્નિ કહેવાય,
આજના ને સહસ્ત્રારા, મારા મન મંથન કહેવાય.
સહસ્ત્ર નાડીઓમાં ચક્ર ઉર્જા, વહીને કણ કણ માં પ્રસરાય,
જો આટલું જાણું તો, સદેહે સ્વર્ગ સીધાય,
કરે ના નિરાશ પ્રભુ, જે ચક્ર શરીરે જાય,
હવે રહ્યો ના હું, ને તોય રહ્યો, એ આતમ પ્યારો હું જ.

ગ્લોબેલિયન, વિશ્વાત્મા
ડો. ચૈતન્ય પટેલ

## ‘ અંતર ગગન વિશાળ ‘ (ભાવાર્થ)

વિચારો વગર જીવી જ ના શકનાર હું માનવ, વિચારોમાં જ વિચરતો, વિચારોમાં જ ખોવાયેલ, મારા સાચા “હું” ને શોધી રહ્યો છું. આપણી દસે દિશાઓમાં પ્રસરેલી દ્રશ્યમાન સૃષ્ટિ કરતાં પણ અનેક ગણી વિશાળ બીજી એક આંતરમનની આંતર સૃષ્ટિ છે, જેમાં તંદ્રાવસ્થામાં આપણે ન ધારેલી ન જોયેલી દુનિયામાં વિચરણ કરીને, મન જાગ્રત થતાં જ પાછા આપણે આપણી બાહ્ય સૃષ્ટિ એટલે કે પરા પ્રકૃતિમાં જ આવી જઈએ છીએ, આ બધા જ અગમ નિગમ ના ખેલ છે અને અચરજો થી ભરપૂર છે.

મેઘધનુષ ના સાત રંગોથી રંગાયેલ આપણાં સાત શરીર આવરણો અને મૂલાધાર થી સહસ્ત્રાર સુધીના સાત ચક્રો વિધ્યમાન છે, જે યોગ ક્રિયાથી જોઈ જાણી શકાય છે. સ્થૂળ શરીરથી શરૂ કરતાં પ્રથમ ચાર આવરણો, એટલે કે ઈથરિક, ઈમોશનલ, મેન્ટલ અને એસ્ટ્રલ, જે શરીરની આભા એટલે કે આભામંડળ(ઓરા) બનાવે છે. તે પછીના બીજાં ઈથરિક, સેલેસ્ટિયલ, અને સીડબોડી (કેઝ્યુઅલ બોડી) કહેવાય છે.

આ સાત શરીરોની બહાર એક પ્યોર એસેન્સ એટલે કે બ્રહ્મત્વ પ્રવર્તમાન છે અને અંતે એમાં જ ભળી જવું એ મનુષ્ય જીવનનું એક માત્ર ધ્યેય હોવું જરૂરી છે. આ ધ્યાનમાં વધુ ઊંડાણે જવું એટલે કે અંદરના આવરણથી બાહરી આવરણ સુધી યાત્રા કરવી, એમ થાય છે.

આ ઉપરાંત સાત ઉર્જા કેન્દ્રો એટલે કે ચક્રો વિદ્યમાન શરીરની બહાર ઈથરિક આવરણમાં કરોડરજ્જૂની સમીપે વસેલ છે, અને આ બધા ચક્રો ઇલેક્ટ્રો મેગનેટિકની જેમ શરીર સાથે ઉર્જાની આપ લે કરતાં હોય છે. શરીરમાં નિરંતર વહેતી ઉર્જા ને, જ્યાં આ ઉર્જા પાર કરે છે, તે નામ પ્રમાણે ગોળ પૈડાં જેવું નથી, બસ ફક્ત ઉર્જા ને એક બીજા ને પાર થવાની જગ્યા (Cross Over) ને ચક્ર કહેવાય છે.

શરીરમાં ગુદાસ્થાન પાસે આવેલ પેરનિયલ બોડી એ સૌથી નીચેનું “મૂલાધાર” ચક્ર છે અને તે પૃથ્વી તત્વ સાથે સંકળાયેલું છે, તે પછીનું બીજું “સ્વાધિષ્ઠાન” ચક્ર,

જે નાભિથી નીચેના  તળ પાસે આવેલ છે અને તે જળ તત્વ સાથે સબંધિત છે. ત્રીજું "મણિપુર" કે "અગ્નિચક્ર" નાભીથી ઉપરના તળમાં પ્રવર્તમાન છે, જે જઠરાગ્નિ સાથે સંલગ્ન છે. તે પછીનું ચોથું "અનાહત" કે "હાર્ટચક્ર" છે અને પાંચમું "વિશુદ્ધ" કે "કંઠચક્ર" છે જે નામ પ્રમાણેના અવયવો સાથે સંલગ્ન છે.

છઠ્ઠું "આજ્ઞાચક્ર"("બ્રાઉચક્ર") કહેવાય છે અને તે આપણાં કપાળના તિલકના સ્થાને વિરાજમાન છે, સાતમું "સહસ્ત્રાર" ચક્ર એ બ્રહ્મરંધ્ર પાસે માથાના મથાળે, શિખાનાં સ્થાને, મધ્યભાગમાં પ્રવર્તમાન છે, પ્રથમ પાંચ ચક્રો, પંચમહાભૂત સાથે સંકળાયેલા છે, તથા આજ્ઞા અને સહસ્ત્રાર અનુક્રમે મન અને બુદ્ધિ (મંથન) સાથે સંલગ્ન છે.

આપણી શરીરની ૭૨૦૦૦ નાડીઓમાં પ્રાણ ઉર્જા આજીવન વહેતી રહી, શરીરના કણ કણમાં પ્રસરીને વ્યાપ્ત રહે છે. જેમાં ૧૦૮ નાડીઓ મુખ્ય છે.

જે આ જ્ઞાન-ધ્યાનને જાણી લે છે, તે સદેહે જ સ્વર્ગમાં વિચરતા રહે છે, અને ક્યારેય નિરાશ થતાં નથી.

જ્યારે હું (આ શરીર) ના રહ્યો, તે પછીય જે રહ્યો, તે પ્યારો આત્મા એજ સાચો "હું" છું.

વિશ્વાત્મા

ગ્લોબલિયન

**ડો. ચૈતન્ય પટેલ**